### આગમી તા.31 મેથી વરસાદી માહોલ બનવાના સંકેત

# રાજ્યનાં 3 શહેરમાં તાપમાન 43 ડિગ્રી

**રાજકોટ**, અમદાવાદ અને ગાંધીનગર ભઠ્ઠીની જેમ શેકાયાં

**આજે** અને કાલે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગરમીનું યલો એલર્ટ

- » રાજકોટ, ગાંધીનગર, અમદાવાદમાં 43 ડિગ્રી
- » ભાવનગર, સુરેન્દ્રનગર 42 ડિગ્રી
- » વિદ્યાનગર, ડીસા, અમરેલી 41 ડિગ્રી
- » વડોદરા, કંડલા એરપોર્ટ 40 ડિગ્રી
- » કંડલા પોર્ટ, કેશોદ 37 ડિગ્રી
- » પોરબંદર, મહુવા, સુરત 36 ડિગ્રી

અમદાવાદ : રાજ્યમાં ઉનાળાનો તાપ હજુ પણ યથાવત્ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા લોકોને ભારે ગરમીનો સામનો કરવો પડ્યો હતો.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે 27 મેની સવારે 8:30 વાગ્યા સુધી મુખ્યત્વે આકાશ સ્વચ્છ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે અને મહત્તમ તાપમાન 43 ડિગ્રી આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તથા દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું, જ્યારે કચ્છના કેટલાક ભાગોમાં સામાન્ય કરતાં ઓછું તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જોકે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત્ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારો માટે આવતીકાલ તા.27 અને 28 મે દરમિયાન ગરમ અને ભેજવાળા વાતાવરણને કારણે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન લોકોને અસહજ ગરમીનો અનુભવ થઈ શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના કેટલાક વિસ્તારો સુધી પહોંચી છે અને આગામી 2થી 3 દિવસમાં ચોમાસું વધુ આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. સાથે જ પાકિસ્તાન તરફથી ઉત્તર-પૂર્વ અરબી સમુદ્ર સુધીનો ટ્રફ યથાવત્ છે અને 28 મેથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસર કરશે.આ ઉપરાંત હવામાન વિભાગે 31 મેથી 2 જૂન દરમિયાન ઉત્તર ગુજરાત અને પૂર્વ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ અને ગાજવીજની શક્યતા વ્યક્ત કરી છે. સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, બનાસકાંઠા અને છોટાઉદેપુર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

# એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાગ્રસ્ત અતુલ્યમ બ્લોકની જગ્યાએ નવી હોસ્ટેલ બનાવાશે

**ટાટા** એરલાઈન્સ ચૂકવશે રૂ.53.12 કરોડ, ન્યૂ મેન્ટલ કેમ્પસમાં ઊભું થશે આધુનિક હોસ્ટેલ કોમ્પ્લેક્સ

**અમદાવાદ** સિવિલ નજીક રૂ.105 કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્ટેલ બનશે

ગાંધીનગરઃ અમદાવાદ સિવિલ હોસ્પિટલ-અસારવા નજીક આવેલા ન્યૂ મેન્ટલ કેમ્પસ ખાતે ડોક્ટર્સ માટે રૂ.105 કરોડના ખર્ચે અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. હોસ્ટેલ અને કેન્ટીન બ્લોકનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યના આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે નવી હોસ્ટેલમાં કુલ 236 સુપર સ્પેશિયાલિટી મેરીડ પી.જી. ડોક્ટર્સ માટે નિવાસની સુવિધા ઉપલબ્ધ કરાશે.

પાનશેરિયાએ જણાવ્યું હતું કે ગત 12 જૂન 2025ના રોજ મેઘાણીનગર વિસ્તારમાં થયેલી અમદાવાદ વિમાન દુર્ઘટનામાં સિવિલ હોસ્પિટલ નજીક આવેલા 'અતુલ્યમ 1 થી 4' હોસ્ટેલ બ્લોક, કેન્ટીન અને સબ-સ્ટેશન બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું. દુર્ઘટના સમયે આ હોસ્ટેલમાં કુલ 92 વિદ્યાર્થીઓ રહેતા હતા. ત્યારબાદ કરવામાં આવેલા સ્ટ્રક્ચરલ ઓડિટમાં બિલ્ડિંગ અસુરક્ષિત જાહેર થતાં તેને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નુકસાન પેટે આરોગ્ય વિભાગ દ્વારા ટાટા એરલાઈન્સ પાસે રૂ.53.12 કરોડની માંગણી કરવામાં આવી હતી. જેના સંદર્ભમાં ટાટા એરલાઈન્સે સકારાત્મક અભિગમ દાખવી સંપૂર્ણ રકમ આગામી સમયમાં આરોગ્ય વિભાગને ચૂકવવાની તૈયારી દર્શાવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

નવી હોસ્ટેલ માટે રાજ્ય સરકારે ન્યૂ મેન્ટલ કેમ્પસ-આઈજીપી કમ્પાઉન્ડ, મેઘાણીનગર ખાતે પૂરતી જમીન ફાળવી દીધી છે. પ્રોજેક્ટ અંતર્ગત આધુનિક હોસ્ટેલ બ્લોક ઉપરાંત નવું કેન્ટીન બ્લોક અને સબ-સ્ટેશન પણ બનાવવામાં આવશે. મેડિકલ ક્ષેત્રે સુપર સ્પેશિયાલિટીની વધારાની 48 બેઠકોને ધ્યાનમાં રાખીને આગામી ત્રણ વર્ષના કુલ 144 વિદ્યાર્થીઓ સહિત કુલ 236 ડોક્ટર્સ માટે નિવાસની વ્યવસ્થા ઉભી કરાશે.ચાલુ નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં આ પ્રોજેક્ટ માટે રૂ.51.84 કરોડના અંદાજ સામે રૂ.34.65 કરોડની જોગવાઈ મંજૂર કરવામાં આવી હોવાનું પણ આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું.

નવી 'અતુલ્યમ 1 થી 7' હોસ્ટેલ જી+8 માળના આધુનિક સ્ટ્રક્ચર સાથે તૈયાર કરવામાં આવશે. દરેક ફ્લેટ સ્ટુડિયો એપાર્ટમેન્ટ મોડલ મુજબ બનાવાશે, જેમાં લિવિંગ રૂમ, એટેચ કિચન, બેડરૂમ અને ટોયલેટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. ઉપરાંત ફાયર ફાઈટીંગ સિસ્ટમ, આર.ઓ. પ્લાન્ટ અને મજબૂત ડ્રેનેજ વ્યવસ્થા જેવી સુવિધાઓનો પણ સમાવેશ કરાશે.વિદ્યાર્થીઓની સુખાકારીને ધ્યાનમાં રાખીને પાર્કિંગ માટે વિશાળ બેઝમેન્ટ, અપરિણીત પી.જી. વિદ્યાર્થીઓ માટે અલગ નિવાસસ્થાન, આધુનિક મેસ, જીમ, રીક્રીએશન રૂમ અને લેન્ડસ્કેપિંગ જેવી સુવિધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કાલથી બે દિવસ ગુજરાતના પ્રવાસે

ગાંધીનગરઃ કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમીત શાહ આગામી 28 અને 29 મે દરમિયાન ગુજરાત પ્રવાસે આવશે. બે દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ ગાંધીનગર, અમદાવાદ અને કચ્છ સહિતના વિસ્તારોમાં વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમોમાં હાજરી આપશે. સાથે જ વિવિધ સમીક્ષા અને સંગઠનાત્મક બેઠકોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ 28 મેના રોજ શાહ પોતાના સંસદીય ક્ષેત્રમાં અનેક વિકાસ કાર્યોની ભેટ આપશે. જેમાં આનંદમ પરિવારના CSR ફંડથી વડસર ખાતે નિર્માણ પામેલા જેડવા તળાવનું લોકાર્પણ કરવામાં આવશે. વડસર, જલુંદ અને સરઢવ ખાતે ટોયોટા કિર્લોસ્કર મોટરના CSR ફંડ હેઠળ બનાવવામાં આવેલા વાંચનાલયોના લોકાર્પણ કાર્યક્રમો યોજાશે. ખાત્રજ ખાતે અરવિંદ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયેલા તળાવ બ્યુટિફિકેશન પ્રોજેક્ટના ખાતમુહૂર્ત સાથે ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ પણ શાહના હસ્તે કરવામાં આવશે. મોટી ભોયણ ખાતે પે સેન્ટર પ્રાથમિક શાળાનું લોકાર્પણ તેમજ સોનીપુર ખાતે ગામ તળાવ સહિત કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભાના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમો પણ યોજાશે.

# અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો પહેલાં કોલકાતાની મુલાકાતે કેમ ગયા?



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

૨૩ મે, ૨૦૨૬ ના રોજ જ્યારે અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો કોલકાતા પહોંચ્યા, ત્યારે તેમણે પ્રથમ મુલાકાત મધર ટેરેસાના મિશનરીઝ ઓફ ચેરિટીઝની લઈને ભારતમાં ખ્રિસ્તી મિશનરી દ્વારા ચાલતી વટાળપ્રવૃત્તિને સમર્થન આપવાનો પ્રયાસ કર્યો હતો. માર્કો રુબિયોએ તેમની પત્ની જીનેટ અને ભારતમાં અમેરિકન રાજદૂત સેર્ગીયો ગોર સાથે તાલતાલામાં મધર હાઉસમાં લગભગ બે કલાક વિતાવ્યા. તેમણે મધર ટેરેસાની સમાધિ પર શ્રદ્ધાંજલિ આપી, સાધ્વીઓને મળ્યા અને સંસ્થાના એક ઘરની પણ મુલાકાત લીધી. ૨૦૧૨ માં હિલેરી ક્લિન્ટન દ્વારા શહેરની મુલાકાત પછી માર્કો રુબિયો કોલકાતાની મુલાકાત લેનારા પ્રથમ અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ બન્યા. માર્કો રુબિયોની આ મુલાકાત માત્ર ધાર્મિક પર્યટન નહોતી પણ તેમાં મોટું રહસ્ય સમાયેલું હતું કે પશ્ચિમ બંગાળમાં હાલમાં આવેલી ભાજપ સરકાર દ્વારા મધર ટેરેસાની સંસ્થા દ્વારા ચાલતી વટાળપ્રવૃત્તિ પર તવાઈ આવી શકે છે, જેનાથી મિશનરીઝ ઓફ ચેરિટીઝ સંસ્થાને બચાવવા માટે અમેરિકા દ્વારા રાજકીય દબાણ લાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું જણાય છે.

ભારત સરકાર દ્વારા ૨૦૨૧માં મિશનરીઝ ઓફ ચેરિટીઝને આપવામાં આવેલું વિદેશી ભંડોળ સ્વીકારવા માટેનું લાઈસન્સ રદ કરવામાં આવ્યું હતું, જે એક વર્ષ પછી પાછું આપવામાં આવ્યું હતું. હવે આ લાઈસન્સની મુદત ૨૦૨૬ના ડિસેમ્બરમાં પૂરી થાય છે. દરમિયાન ભારત સરકાર ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA) માં સુધારાઓ કરવા જઈ રહી છે, જેમાં વિદેશી ભંડોળ પ્રાપ્ત કરીને ભારતમાં રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓ ચલાવતી સંસ્થાઓની સંપત્તિઓ જપ્ત કરવાની પણ જોગવાઈ હશે. આ સંભવિત આક્રમણ સામે મધર ટેરેસાની સંસ્થાને ઉગારી લેવાનો માર્કો રુબિયોનો પ્રયાસ હોય તેવું જણાય છે. જો કે, આ બાબતમાં તેમણે કોઈ જાહેર નિવેદન નથી કર્યું પણ દિલ્હીમાં વડા પ્રધાન મોદીને મળીને ખાનગી રજૂઆત કરી હોય તે સંભવ છે.

ભારતમાં માર્કો રુબિયોના આગમનના થોડા દિવસો પહેલાં અમેરિકન કોંગ્રેસમેન ક્રિસ સ્મિથે વોશિંગ્ટન એક્ઝામિનરમાં એક લેખ પ્રકાશિત કર્યો હતો, જેમાં વિદેશ ખાતાંને ભારતમાં પ્રસ્તાવિત FCRA સુધારાઓ સામે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. ક્રિસ સ્મિથે ખાસ કરીને મિશનરીઝ ઓફ ચેરિટીનું ઉદાહરણ આપ્યું હતું અને ચેતવણી આપી હતી કે પ્રસ્તાવિત ફેરફારો હેઠળ જો લાઇસન્સ સમાપ્ત થાય તો વિદેશી ભંડોળ મેળવતી સંસ્થાઓની મિલકતો જેવી કે શાળાઓ અને હોસ્પિટલો જપ્ત થઈ શકે છે. અમેરિકા સંકેત આપી રહ્યું છે કે વિદેશી ભંડોળ ધરાવતી ધાર્મિક સંસ્થાઓ પર ભારતની કડક દેખરેખ એક આંતરરાષ્ટ્રીય મુદ્દો બની જશે. મધર ટેરેસાની મિશનરીઝ ઓફ ચેરિટી સંસ્થા લાંબા સમયથી પશ્ચિમી કલ્પનામાં એક અનોખું સ્થાન ધરાવે છે. સફેદ સાડીઓ પરિધાન કરી સેવા કરી રહેલી નર્સો, મૃત્યુ પામેલાં નિરાધાર દર્દીઓ અને સંતના બલિદાનની કલ્પનામાં લપેટાયેલી આ સંસ્થા ભારતમાંથી પશ્ચિમમાં નિકાસ કરાયેલી સૌથી સફળ સોફ્ટ પાવર બ્રાન્ડ ગણાય છે. આ પ્રતીકવાદ ફક્ત વેટિકન અને વૈશ્વિક કેથોલિક સંસ્થાઓ માટે જ નહીં, પરંતુ ભારત પર નૈતિક લાભ મેળવવા માંગતાં પશ્ચિમી રાજકીય કલાકારો માટે પણ ખૂબ ઉપયોગી સાબિત થયો છે. વર્ષોથી યુનાઇટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઇન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ જેવી અમેરિકન સંસ્થાઓ વારંવાર ભારતને ખાસ ચિંતાના દેશ તરીકે નિયુક્ત કરવા માટે દબાણ કરી રહી છે. આ સંસ્થા હંમેશા દુનિયાના દેશોમાં ધર્માંતરણવિરોધી કાયદાઓ, NGO માટેનાં નિયમનો, લઘુમતીને સ્પર્શતા મુદ્દાઓ અથવા વિદેશી ભંડોળથી ચાલતાં ખ્રિસ્તી સંગઠનો પરના પ્રતિબંધોની આસપાસ સતત ઝુંબેશો ચલાવે છે.

માર્કો રુબિયોની કોલકાતા મુલાકાતે ભારત સરકાર તરફ, અમેરિકામાં ખ્રિસ્તી કેથોલિક મતવિસ્તારો તરફ, વૈશ્વિક મિશનરી નેટવર્ક તરફ અને પશ્ચિમી અધિકાર ઇકોસિસ્ટમ તરફ એક સાથે અનેક મોરચે અમેરિકાના રાજદ્વારી સંકેત તરીકે કામ કર્યું છે.

ભારતનો વિદેશી યોગદાન નિયમન કાયદો રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આંતરરાષ્ટ્રીય પ્રભાવ નેટવર્ક વચ્ચેના મોટા સંઘર્ષમાં મુખ્ય યુદ્ધભૂમિ બની ગયો છે. ભારત અનિયંત્રિત વિદેશી ભંડોળને પરોપકાર તરીકે નહીં, પરંતુ વૈચારિક હસ્તક્ષેપ, વસ્તીવિષયક ઇજનેરી અને પ્રભાવ કામગીરી માટેના માધ્યમ તરીકે જુએ છે. ૨૦૨૧ માં પ્રતિકૂળ માહિતીને કારણે મધર ટેરેસાની સંસ્થાના FCRA લાઇસન્સનું નવીનીકરણ અટકાવી દેવામાં આવ્યું હતું. જો કે જુલાઈ ૨૦૨૨ માં લાઇસન્સ પાછળથી પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું. અમેરિકન કાયદા ઘડનારાઓ, કેથોલિક ચર્ચો અને વૈશ્વિક અધિકાર નેટવર્કોએ આ બાબતને નિયમનકારી મુદ્દા તરીકે નહીં, પરંતુ ધાર્મિક અત્યાચારના મુદ્દા તરીકે પ્રચારિત કરી હતી.

માર્કો રુબિયોની મુલાકાતે મધર ટેરેસાની આસપાસ કાળજીપૂર્વક રચાયેલી વૈશ્વિક દંતકથાઓ પર પણ ચર્ચા ફરી શરૂ કરી છે. ૧૯૧૦માં સ્કોપજેમાં અંજેઝ ગોન્ક્ષે બોજાક્ષિયુ તરીકે જન્મેલાં મધર ટેરેસા એક કેથોલિક નન તરીકે ભારતમાં આવ્યાં હતાં. તેમણે ૧૯૫૦માં કોલકાતામાં મિશનરીઝ ઓફ ચેરિટીની સ્થાપના કરી હતી. સમય જતાં તે વિશ્વની સૌથી પ્રખ્યાત ધાર્મિક વ્યક્તિઓમાંની એક બની ગઈ, જે ૨૦૧૬માં વેટિકન દ્વારા સંતત્વની પદવી પામીને પરાકાષ્ઠાએ પહોંચી ગઈ હતી. ભારતમાં તેમનો પ્રભાવ એટલો ઊંડો હતો કે ભારત સરકાર દ્વારા તેમને ભારતરત્નની ઉપાધિ આપવામાં આવી હતી. મધર ટેરેસાની સાર્વત્રિક કરુણાની કાળજીપૂર્વક જાળવવામાં આવેલી છબી પાછળ એક ઊંડો વિવાદાસ્પદ રેકોર્ડ છુપાયેલો છે.

લેખક ક્રિસ્ટોફર હિચેન્સે મધર ટેરેસાની તપાસમાં વર્ષો વિતાવ્યાં અને 'ધ મિશનરી પોઝિશન' પુસ્તક પ્રકાશિત કર્યું. સાથે સાથે તેમણે 'હેલ્સ એન્જલ' નામની દસ્તાવેજી ફિલ્મ પણ બનાવી હતી. ક્રિસ્ટોફર હિચેન્સ એક વિનાશક નિષ્કર્ષ પર પહોંચ્યા કે મધર ટેરેસા ગરીબોનાં મિત્ર નહોતાં, પરંતુ ગરીબીનાં મિત્ર હતાં. મધર ટેરેસાએ છેતરપિંડી કરનાર અમેરિકન ચાર્લ્સ કીટિંગ અને હૈતીના ડુવેલિયર સરમુખત્યાર સહિત ગંભીર રીતે અસામાજિક વ્યક્તિઓ પાસેથી દાન અને સન્માન સ્વીકાર્યાં હતાં. જ્યારે ચાર્લ્સ કીટિંગને વૃદ્ધ પીડિતોને સંડોવતા ગુનાઓ માટે કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ત્યારે ટેરેસાએ માફીની વિનંતી કરતો પત્ર ન્યાયાધીશને લખ્યો હતો.

માર્કો રુબિયોના કોલકાતા સ્ટોપની અમેરિકામાં સ્પષ્ટ રાજકીય ઉપયોગિતા પણ હતી. અમેરિકન રાજકારણ વધુ ને વધુ ગઠબંધન સંકેતો દ્વારા કાર્ય કરે છે. ઇવેન્જેલિકલ ખ્રિસ્તીઓ, રૂઢિચુસ્ત કેથોલિકો અને ધાર્મિક સ્વતંત્રતાનાં હિમાયતી જૂથો રિપબ્લિકન રાજકારણમાં પ્રભાવશાળી મતવિસ્તાર રહ્યા છે. માર્કો રુબિયોની કોલકાતા યાત્રાએ આખરે વ્યક્તિગત શ્રદ્ધા કે રાજદ્વારી સૌજન્ય કરતાં ઘણું મોટું કંઈક પ્રગટ કર્યું છે. તેણે એકવીસમી સદીની ભૂરાજનીતિમાં મિશનરી નેટવર્ક, માનવતાવાદી બ્રાન્ડિંગ, ધાર્મિક સ્વતંત્રતાની કથાઓ અને વ્યૂહાત્મક સંકેતો કેવી રીતે ભેળસેળ થાય છે, તે ખુલ્લું પાડ્યું છે. જો કે, ભારત હવે નબળું પોસ્ટ-કોલોનિયલ રાષ્ટ્ર નથી રહ્યું જે બાહ્ય દબાણને નિ:શંકપણે સ્વીકારવા તૈયાર છે. FCRA, મિશનરી ભંડોળ અને મિશનરીઝ ઓફ ચેરિટી જેવાં સંગઠનો સામેની લડાઈ હવે ફક્ત દાન વિશેની લડાઈ રહી નથી. તે ભારતના સાર્વભૌમત્વ, કથા નિયંત્રણ અને ભારતની સભ્યતાના ભવિષ્યને કોણ આકાર આપે છે તે વિશે છે. આ પરિપ્રેક્ષ્યમાં માર્કો રુબિયોની કોલકાતા યાત્રા ખાસ કાંઈ ફળ આપે તેવી સંભાવના નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**૨૦૨૧ માં મધર ટેરેસાની સંસ્થાના FCRA લાઇસન્સનું નવીકરણ અટકાવી દેવામાં આવ્યું હતું. જો કે જુલાઈ ૨૦૨૨ માં લાઇસન્સ પાછળથી પુનઃસ્થાપિત કરવામાં આવ્યું હતું**

## BUSINESS મિત્ર

### સેન્સેક્સ ઉપલા સ્તરેથી 700 પોઇન્ટ ઘટ્યો, નિફ્ટી 24000 પોઇન્ટની નીચે સરકી, છતાં રોકાણકારોએ રૂ. 1 લાખ કરોડની કમાણી કરી

# ઇરાન-અમેરિકા વચ્ચે ફરી તણાવથી શેરબજારમાં વેચવાલી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26 :** ગઈકાલે ભારતીય શેરબજારમાં તેજીનો માહોલ રહ્યો હતો, પણ આજે ઈરાન-અમેરિકા વચ્ચે ફરીથી સંઘર્ષ-તણાવનો માહોલ સર્જાતા લાલ નિશાનમાં ખુલ્યા બાદ પોઝિટિવ થયા હતા, પણ વેચવાલી હાવી રહેતા નિફ્ટી 24000 પોઈન્ટની નીચે સરકી ગયો હતો. જ્યારે સેન્સેક્સ ઉપલા સ્તરેથી 700 પોઈન્ટ ઘટ્યો હતો. જોકે, બ્રોડર માર્કેટમાં સુધારાના વલણના કારણે રોકાણકારોએ રૂ. એક લાખ કરોડની કમાણી કરી હતી. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં અડધા ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. સેકટર મુજબ, નિફ્ટી આઈટીએ ઘણી રીકવર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે અડધા ટકાથી વધુનો સંપુર્ણ નફો ગુમાવીને સપાટ બંધ થયો હતો. બીજી તરફ, પીએસયુ બેન્ક પોઝિટિવ વલણમાંથી લાલ નિશાનમાં આવી ગયો હતો, જે લગભગ અડધો ટકો તુટ્યો હતો. બીજી તરફ, નિફ્ટી એફએમસીજી પ્રારંભિક ટ્રેડિંગમાં થોડો ઘટાડો થાય બાદ છેલ્લે પોઝિટિવ રહ્યો હતો, રિયલ્ટી શેરો પણ દબાણ હેઠળ રહ્યા હતા. નિફ્ટીમાં વીકલી એક્સપાયરી હોવાના કારણે શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી. શરૂઆતમાં ગેપડાઉન ખુલ્યા બાદ મિડ સેશનમાં પોઝિટિવ રહ્યા હતા, પણ છેલ્લે પરીથી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આ રસાકસીમાં બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ આજે રૂ. એક લાખ કરોડથી વધુનો વધારો થયો છે. જેના લીધે કુલ માર્કેટ કેપ રૂ. 467 લાખ કરોડનો થયો હતો.

બીએસઈ સેન્સેકસ 479.26 પોઈન્ટ એટલે કે 0.62 ટકા ઘટીને 76009.70 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે સેન્સેકસે 76000 પોઈન્ટની સપાટી જાળવી રાખવામાં સફળ થઈ હતી. ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 76627 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75909 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 118 પોઈન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 24000 પોઈન્ટની સપાટી તોડીને 23913.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24089 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 23885 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 200.75 પોઈન્ટ એટલે કે 0.36 ટકા ઘટીને 55092.90 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે બીકાજી ફુડસમાં 29.14 ગણા, કજારીયા સીરામીક્સમાં 23.24 ગણા, ધ રેમ્કો સિમેન્ટમાં 21.32 ગણા, ચાલેટ હોટલ્સમાં 14.51 ગણા, અને એકસાઈડ ઈન્ડ. માં 12.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આઈટીઆઈ લિ.માં 11.02 ગણા, સીસસીઆઈમાં 6.22 ગણા, અદાણી ટોટલ ગેસમાં 5.98 ગણા, એબી ફેશનમાં 5.31 ગણા અને અમરરાજા બેટરીમાં 4.81 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. જેનું ઈન્ડેક્સ બેઝડ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન રહ્યું હુતં. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.33 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.21 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે 2157 શેરો વધ્યા હતા, જ્યારે 2046 શેરો ઘટ્યા હતા. જ્યારે 192 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ 1.045 ટકા ઘટ્યા હતા. છેલ્લા ટ્રેડિંગ સેશનમાં 1.91 ટકા વધ્યો હતો. જેમાં અંબર એન્ટર, ક્રોમ્પ્ટોન ગ્રીવ્ઝ, ટાઈટન કંપની, ડિકસન ટેકનો, એલજી ઈલેક્ટ્રોનીક્સ, વોલ્ટાસ, પીજી ઈલે., બ્લુસ્ટાર, કલ્યાણ જવેલર્સ અને કજારીયા સીરામીક્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 227 પોઈન્ટ વધ્યા હતા, જેના લીધે આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. ઓઈલ બજારોમાં નવેસરથી અસ્થિરતા વચ્ચે વેપારીઓએ મીડલ ઈસ્ટ અને યુક્રેનના વિકાસ પર નજર રાખી હોવાથી યુરોપિયન બજારોમાં ઘટાડા સાથે ચાલી રહ્ય છે. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કેઈરાન સાથેની વાટાઘાટો સરસ રીતે આગળ વધી રહી છે. પણ ઈરાન દ્વારા દક્ષિણમાં સુંરગો નાંખવાનો પ્રયાસ કરતી ઈરાની મિસાઈલ લોન્ચ સાઈટસ અને બોટને નિશાન બનાવ્યા હતા, જેના લીધે ફરીથી તણાવ વધ્યો હતો.

### રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો ફરીથી ઘટ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી રૂપિયામાં સુધારાની ચાલ જોવા મળી રહી હતી, પણ આજે ફરી એકવાર ડોલર સુધર્યો હતો. ડોલરની સામે રૂપિયો 44 પૈસા ઘટે 95.68ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.24ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 111.25, પાઉન્ડ 129.29, કેનેડિયન ડોલર 69.33, ઓસ્ટ્રેલિયન ડોલર 68.88, જાપાનીઝ યેન 0.6013 અને સીંગાપોર ડોલર 74.75ના સ્તર બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.68 રૂ. |
| યુરો | 111.25 રૂ. |
| પાઉન્ડ | 129.29 રૂ. |
| યેન | 0.6010 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -479.26 | 76009.70 |
| નિફ્ટી | -118.00 | 23913.70 |
| બેન્ક નિફ્ટી | -200.75 | 55092.90 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 4.20 | 2969.30 |
| ટીએમપીવી | 3.31 | 385.60 |
| ટેક મહિન્દ્રા | 1.62 | 1458.70 |
| નેસલે ઇન્ડિયા | 1.06 | 1428.60 |
| ઇટર્નલ | 1.01 | 250.17 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 1.73 | 8258.50 |
| વિપ્રો | 1.50 | 203.73 |
| ભારતી એરટેલ | 1.49 | 1846.90 |
| ટ્રેન્ટ | 1.40 | 4239.60 |
| ટીસીએસ | 1.39 | 2276.20 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.66 | 1458.65 |
| ઇટર્નલ | 0.99 | 250.20 |
| એચયુએલ | 0.55 | 2209.55 |
| મારૂતિ સુઝુકી | 0.55 | 13242.70 |
| અદાણી પોર્ટસ | 0.44 | 1810.95 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 1.51 | 1846.65 |
| ટ્રેન્ટ | 1.42 | 4238.00 |
| ટીસીએસ | 1.35 | 2276.70 |
| બજાજ ફાઇનાન્સ | 1.25 | 930.20 |
| ટાઇટન કંપની | 1.14 | 4110.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફ઼ડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૨૩૬૫ |
| તેજાબી સોનું | ૧૬૨૨૭૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૨૪૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૯૧૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૨૩૬૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૨૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૪૩૦૦ |

# શ્રીલંકાનું અર્થતંત્ર સંકટમાં આવતા સેન્ટ્રલ બેન્કે વ્યાજદર વધાર્યો

**ઇરાન** યુદ્ધને કારણે દેશના આર્થિક વિકાસ અને વિદેશી હુંડિયામણ ઉપર ગંભીર અસર પડતા વ્યાજદરમાં એક ટકાનો વધારો

નવી દિલ્હી, તા. 26: શ્રીલંકાની સેન્ટ્રલ બેન્કે એક મોટો નિર્ણય લઈને રોકાણકારો અને વિશ્લેષકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. વધતા ફુગાવા અને ઉર્જાના ભાવના દબાણને કારણે નબળા ચલણને નિયંત્રિત કરવા માટે બેન્કે તેના નીતિ દરમાં 100 બેસીસ પોઇન્ટનો વધારો કર્યો હતો. છેલ્લા ચાર વર્ષમાં વ્યાજદરમાં આ સૌથી મોટો વધારો છે. મીડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે શ્રીલંકાની અર્થવ્યવસ્થા હવે ફરીથી દબાણ હેઠળ આવી શકે છે, જે 202ની ગંબીર નાણકીય કંટોકટીમાંથી ધીમે ધીમે પુનઃ રીકરવ થઈ રહ્યું છે. તે આર્થિક કટોકટીએ વ્યવસાયો અને સામાન્ય લોકોને ઉંડો ફટકો આપ્યો હતો.

શ્રીલંકાની મધ્યસ્થ બેન્કે રાતોરાત પોલિસી રેટ 7.75 ટકાથી વધારીને 8.75 કર્યો છે. વધતી જતી મોંઘવારી અને યુએશ-ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષને કારણે શ્રીલંકાનો રૂપિયો નબળો પડી રહ્યો હવાને કેન્દ્રીય બેન્કે જવાબદાર ઠેરવ્યો છે. રોઈટર્સ દ્વારા સર્વેક્ષણ કરાયેલા 12 અર્થશાસ્ત્રીઓ અને વિશ્લેષકોમાંથી સાત લોકોએ વ્યાજદરમાં માત્ર 25 બેસીસ પોઈન્ટ અથવા તેથી વધુ વધારો થવાની અપેક્ષા રાખી હતી. વિશ્લેષકોનું માનવું હતું કે, સંઘર્ષની વધતી જતી અસરને કાણે વિદેશી વિનિયમ ભંડાર પર દબાણ વધી રહ્યું છે. જોકે, કેન્દ્રીય બેન્કે અપેક્ષા કરતા ઘણું મોટું પગલું ભર્યુ છે, તેમાં 100 બેસસી પોઈન્ટનો વધારો કર્યો છે.

શ્રીલંકા તેની ઈંધણ જરૂરિયાતો માટે સંપુર્ણપણે આયાત પર નિર્ભર છે. આવી સ્થિતિમાં, ઈરાન યુદ્ધને કારણે સર્જાયેલી ઉર્જા કટોકટીની સીધી અસર દેશ પર પડી છે. પરિસ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ કે સરકારે ઈંધણના ભાવમાં લગભગ 40 ટકાનો વધારો કવો પડ્યો હતો. આ સાથે જ બળતણ રેશનીંગ લાગુ કરવામાં આવ્યું હતું.

શ્રીલંકાની સેન્ટ્રલ બેન્કે જણાવ્યું હતું કે, આ ક્ષેત્રના અન્ય ઘણા દેશોની ચલણની જેમ, શ્રીલંકાના રૂપિયામાં પણ તાજેતરના અઠવાડિયામાં ભારે દબાણ જોવા મળ્યું છે. જોકે, પરિસ્થિતિમાં થોડો સુધારો થયો છે, પરંતુ માર્ચની શરૂઆથથી શ્રીલંકાનું ચલણ લગભગ 8.7 ટકા નબળું પડ્યું છે. દેશમાં ફુગાવાનો દર ફરી વધી રહ્યો છે. માર્ચમાં વાર્ષિક ફુગાવો 2.2 ટકા હતો, જે ગત મહિને વધીને 5.4 ટકા થયો હતો. જોકે, આ હજુ પણ 2022ની નાણાકીય કટોકટી દરમ્યાન નોંધાયેલા લગભગ 70 ટકાના રેકોર્ડ સ્તરની નીચે છે. રિઝર્વ બેન્કનું કહેવું છે કે આગામી સમયમાં ફુગાવાનો દર 5 ટકાના લક્ષ્યથી ઉપર રહી શકે છે. જોકે, તે પછીથી ધીમે ધીમે ઘટશે અને સ્થિર થવાની અપેક્ષા છે.

કોલંબો સ્થિત ઈક્વિટી રિસર્ચ ફર્મ સીએએલના ચીફ સ્ટ્રેટેજિસ્ટ ઉદેશ જોનાસ કહે છે કે, આ મોટા નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે સેન્ટ્રલ બેન્ક હવે આર્થિક વૃદ્ધિ વધારવાને બદલે કિંમતોને સ્થિર રાખવા પર ધ્યાન આપી રહી છે. આ નિર્ણય પછી તેમણે 2026 માટે આર્થિક વૃદ્ધિની આગામી 4.2 ટકાથી ઘટાડીને 3 ટકા કરી દીધી છે. આ પહેલા જાન્યુઆરીમાં રિઝર્વ બેન્ક અને નાણા મંત્રાલયે 4 ટકાથી 6 ટકાની વૃદ્ધિનો અંદાજ લગાવ્યો હતો.

# શેરબજાર માર્કેટ કેપ મામલે તાઈવાને ભારતને પછાડ્યું

**વસતિ**, વિસ્તાર અને જીડીપીની દ્રષ્ટિએ ભારત આગળ છતાં માર્કેટ કેપમાં પાછળ થઇ ગયું

**ભારત** કરતા તાઇવાનના શેરબજારની માર્કેટ કેપ 0.03 ટ્રિલિયન વધી ગઇ

મુંબઈ, તા. 26: તાઈવાનના શેરબજારે નવા રેકોર્ડ બનાવ્યા છે. આ નાના ટાપુ સમાન તાઈવાનના શેરબજારમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. આ તેજી એટલી ઉંચી હતી કે તાઈવાનના શેરબજારની કિંમત એક સાથે ભારતના શેરબજાર કરતા વધારે હતી. રિપોર્ટસ અનુસાર આ દિવસે તાઈવાનનું શેરબજાર આશરે 4.95 ટ્રિલિયન ડોલરનું હતું, જ્યારે સતત ઘટાડાની કેટલીક શ્રેણીને કારણે ભારતનું શેરબજાર ઘટીને 4.92 ટ્રિલિયન ડોલર થઈ ગયું છે, તે પણ ત્યારે જ્યારે સેન્સેકસ અને નિફ્ટી બંનેમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. આઘાતજનક રીતે, તાઈવાનના શેરબજારની માર્કેટ કેપ આ મુલ્ય પર પહોંચી ગઈ છે, જ્યારે તેનું અર્થતંત્ર ભારત કરતા ચાર ગણું નાનુ છે.

વસતિ અને વિસ્તારની દ્રષ્ટિએ જોઈએ તો ભારત ક્ષેત્રફળની દ્રષ્ટિએ તાઈવાન કરતા લગભગ 91 ગણું મોટું છે અને વસતિની દ્રષ્ટિએ લગભગ 60 ગણું મોટું છે. જ્યારે વસતિ મોટી હોવા છતાં તાઈવાનની વસતિ ગીતચા તેના નાના કદને કારણે ભારત કરતા ઘણી વધારે છે. ભારત કરતા ચોરસ કિલોમીટર દીઠ લગભગ 222 વધુ લોકો છે.